## લેપ્રોસ્કોપીક પિત્તાશયની થેલીનું ઓપરેશનઃ

પિત્તાશયની થેલી કાઢવાનું ઓપરેશન હવે સંપૂર્ણપણે લેપ્રોસ્કોપીથી થઈ શકે છે અને આ પધ્ધતિથી પિત્તાશયની થેલી કાઢવાને સંપૂર્ણપણે માન્યતા મળે છે. મેડીકલ ભાષામાં આ ઓપરેશનને લેપ્રોસ્કોપીક કોલીસીસ્ટેકટોમી કહેવામાં આવે છે.

## પિત્તાશયની થેલી શું છે?

પિત્તાશયની થેલી લંબગોળ આકારનું પેટનું એક અંગ છે, જે યકૃત (લિવર)ના નીચેના ભાગમાં જમણી બાજુએ આવેલું છે. પિત્તાશયની થેલીનું મુખ્ય કાર્ય લીવરમાંથી નિકળતા પિત્તનો સંગ્રહ કરવાનો છે નહીં કે પિત્ત ઉત્તપન્ન કરવાનો. જયારે આપણે ખોરાક ખાઈએ છીએ ત્યારે આ સંગ્રહશ કરાયેલો પિત્ત એક સાથે નાના આંતરડામાં આવે છે અને ખોરકાની સાથે ભળીને ખોરાકના પાચનમાં મદદ કરે છે.

## પિત્તાશયની થેલીના રોગો સામાન્ય રીતે શેને લીધે થાય છે?

સામાન્ય રીતે પિત્તાશયની પથરીના કારણે પિત્તાશયની થેલીના રોગો થાય છે. પિત્તાશયની થેલીમાં સોજો આવી જાય છે અને વધુ લાંબો સમય પથરીની તકલીફ રહે તો તેમાં પરૂ ભરાઈ શકે છે. પિત્તાશયની પથરી થેલીના મૂળમાં ફસાઈ જાય ત્યારે પિત્તાશયની નળીની પથરીને લીધે અમુકવાર અતિ ખતરનાક એવો રોગ સ્વાદુપીંડનો થઈ શકે છે. લાંબં ગાળે પિત્તાશયનું કેન્સર થવાનું પણ જોખમ રહે છે.

પિત્તાશયની થેલીમાં થતી પથરી સામાન્ય રીતે કોલેસ્ટેરોલ અથવા બાઈલસોલ્ટની બનેલી હોય છે, જે પિત્તાશયની થેલીની કામગીરી ઘટવાથી પણ થઈ શકે છે.
આ પ્રકારની પથરી બનતી અટકાવી શકાય તેવી કોઈ દવા હોતી નથી.

## પિત્તાશયની પથરીના રોગના સામાન્ય લક્ષણો શું હોઈ શકે?

પિત્તાશયની થેલીના સોજા આવવાથી પેટમાં દુઃખે છે, ઉલટી થાય છે, અપચો રહે છે અને કયારેક તાવ પણ આવી શકે છે. અમુકવાર જો પિત્તાશયની થેલી પિત્ત લઈ જતી નળી પર દબાણ કરે તો પીળીયો પણ થઈ શકે છે.

## પિત્તાશયની થેલીના રોગને કઈ રીતે જાણી શકાય છે?

પેટની સોનોગ્રાફી પિત્તાશયની થેલીના રોગ જાણવા માટેનું ઉત્તમ સાધન છે.

આ સિવાય લોહી અને પેશાબની તપાસ પણ જરૂરી હોય છે, જેનાથી રોગની શરીર પર શું અસર થઈ શકે તે જાણી શકાય છે.

## પિત્તાશયની થેલીના રોગની સારવાર કઈ રીતે થઈ શકે?

ઓપરેશન કરીને પિત્તાશયની થેલીને પથરી સાથે નિકાળી દેવું તે જ પિત્તાશયના રોગ માટેનો ઉત્તમ ઈલાજ છે.
દવાના મારફતે અથવા ખોરકામાં સપ્રમાણતા રાખવાથી થોડા સમય માટે આરામ મળી શકે પણ રોગ જડમૂળની કયારેય નિકળતો નથી.

## પિત્તાશયની થેલીનું ઓપરેશન લેપ્રોસ્કોપીક પધ્ધતિથી કરાવવાના ફાયદા શું છે?

ઓપન પધ્ધતિમાં પાંચથી સાત ઈંચનો લાંબો ચીરો આવે છે જયારે લેપ્રોસ્કોપી પભધ્ધતીમાં ચાર નાના છેદ આવે છે. આથી ઓપરેશન પછીનો દુઃખાવો નહીવત હોય છે.
દર્દી ઓપરેશન પછી ઝડપથી પોતાના રોજીંદા કામમાં જોડાઈ શકે છે.
સામાન્ય રીતે દર્દીઓ ઓપરેશનના બીજા દિવસે ઘરે પણ જઈ શકે છે.
ઓપરેશનના છેદ નાના હોવાથી પેટની ચામડી પર લાંબા સમયે દેખાતા પણ નથી.

## શું તમે લપ્રોસ્કોપી પધ્ધતીથી પિત્તાશયનું ઓપરેશન કરાવવાને યોગ્ય છો?

લેપ્રોસ્કોપી પધ્ધતિથી પિત્તાશયનું ઓપરેશન ખૂબ જ લાભદાયક છે. પરંતુ અમુક સંજોગોમાં કે જયારે દર્દીને પેટના ઉપરના ભાગનું પહેલાં ઓપરેશન કરાવેલું હોય ત્યારે ઓપરેશન કરવું મુશ્કેલભર્યું રહે છે, પરંતુ અનુભવી સર્જન દ્વારા આ ઓપરેશન પણ શકય બનતું હોય છે. જયારે દર્દીને શ્વાસની/હૃદયની વધુ પ્રમાણમાં તકલીફ હોય ત્યારે તમારા ફીઝીશીયનના સલાહ સૂચન અનુસાર અને લેપ્રોસ્કોપી સર્જનના અનુભવના આધારે પણ આ પધ્ધતિથી થઈ શકે છે.

## ઓપરેશન પહેલાં શું તૈયારી જરૂરી છે?

ઓપરેશન પહેલાં ઓપરેશનને લગતી જરૂરી લોહીની તપાસ, મેડીકલ ચેક-અપ, છાતીનો એકસ-રે અને કાર્ડિયોગ્રામ કરાવવો જરૂરી છે.

જયારે તમારા સર્જન ઉપરના ટેસ્ટથી માહિતગાર થઈ જાય તે પછી તમને ઓપરેશનના ફાયદા અને તેના જોખમો વિશે જણાવશે જે માટેની તમારે સંમતિ આપવાની રહેશે.

ઓપરેશન પહેલાં તમને સંપૂર્ણ પ્રકારે સંડાસ થઈ જાય તે પ્રકાની દવા આપજામાં આવે છે તથા એસીડિટીનું પ્રમાણ ઘટે તથા તમે ચિંતામુકત રહો તે પ્રકારની પણ દવા આપવામાં આવે છે.

ઓપરેશનના ૬ કલાક પહેલાં ખોરાક/પાણી બંધ કરી દેવા જરૂરી છે.

લોહી પાતળું કરવાની દવા અથવા દુઃખાવા માટેની દવા વગેરે ઓપરેશનના ત્રણ દિવસ પહેલાં થી બંધ કરી દેવામાં આવે છે.

જો આપ બીડી/સિગારેટ અથવા આલ્કોહોલનું સેવન કરતાં હોવ તો ઓપરેશનના અઠવાડિયા પહેલાં બંધ કરવું હિતાવહ છે.

## લેપ્રોસ્કોપી પધ્ધતિથી પિત્તાશયનું ઓપરેશન કેવી રીતે કરવામાં આવે છે?

લેપ્રોસ્કોપીથી પિત્તાશયનું ઓપરેશન જનરલ એનેસ્થેસિયામાં કરવામાં આવે છે. જેથી આપ સંપૂર્ણપણે બેભાન અવસ્થામાં રહો . ચાર નાના છેદો કરીને તેમાં દૂરબીન તથા અન્ય સાધનોની મદદથી પિત્તાશયની થેલીનું ઓપરેશન કરવામાં આવે છે, જ્યાં સર્જન દુરબીનની મદદથી પેટની અંદરનો ભાગ બહાર મૂકેલાં મોનીટર પર જોઈ ઓપરેશન કરી શકે છે.

## જો પિત્તાશયની થેલીનું ઓપરેશન લેપ્રોસ્કોપી પધ્ધતિથી ન થાય તો...

બહુ જ ઓછા દર્દીઓમાં કે જેને પેટના ઉપરના ભાગનું ઓપરેશન થયેલું હોય અથવા પિત્તાશય બહુ જ ખરાબ રીતે આજુબાજુના અગવગ સાથે ચોંટેલું હોય અથવા વધુ પ્રમાણમાં લોહી વહી જતું હોય તેવા સંજોગોમાં લેપ્રોસ્કોપી પધ્ધતિમાંથી ઓપન પધ્ધતિથી ઓપરેશન પૂર્ણ કરી શકાય છે.

લેપ્રોસ્કોપી પધ્ધતિમાંથી ઓપન પધ્ધતિ દ્વારા ઓપરેશન પૂર્ણ કરવું એ જોખમ નથી પણ પેશન્ટના હિતમાં લીધેલો નિર્ણય છે.

## લેપ્રોસ્કોપી પધ્ધતિથી પિત્તાશયના ઓપરેશન પછી...

સામાન્ય રીતે ઓપરેશન પછી નાના છેદની જગ્યાએ તમને દુ:ખાવો થાય છે જે દુ:ખાવો બંધ થવાની દવાથી ઓછો કરી શકાય છે.

તમો ઓપરેશનના ૪ થી ૫ કલાક પછી પ્રવાહી લઈ શકો છો તથા ૧૨ કલાક પછી હળવો ખોરાક પણ લઈ શકો છો.

ઓપરેશન પછી તમે હલન ચલન પણ ચાલુ કરી શકો છો તથા બીજા દિવસથી ડ્રેસીંગ બદલીને સ્નાન પણ કરી શકો છો.

તમને હોસ્પિટલમાંથી ૨૪ થી ૪૮ કલાકમાં રજા મળી શકે છે.

તમે તમારા રોજંદા કામકાજ માટે અઠવાડિયામાં પાછા ફરી શકો છો તેમજ દાદરા ઉપર-નીચે ચઢી  શકો છો.

તમારા ટાંકા તોડાવવા માટે એક અડવાઢિયા પછી તમારા ડૉક્ટરનો સંપર્ક સાધવો જરૂરી છે.

## ઓપરેશન પછી શું તકલીફ થઈ શકે?

સામાન્ય રીતે લેપ્રોસ્કોપી પધ્ધતિથી પિત્તાશયના ઓપરેશનથી કોઈપણ પ્રકારની તકલીફ થતી નથી, અને દર્દી પોતાના રોજીંદા કામકાજમાં ઝડપથી પાછો ફરી શકે છે.

બહુ જ ઓછા પ્રમાણમાં અમુક દર્દીને ઈંફેકશન થાય ન્યુમોનિયા થાય અથવા પિત્ત વહી જવા જેવી તકલીફ થઈ શકે છે, આવા સંજોગોમાં તાત્કાલિક આપના ડૉક્ટર પાસે તપાસ કરાવવી હિતાવહ છે.

આ વિષય પર વધુ માહિતી માટે આપના ડૉક્ટરનો સંપર્ક સાધવો.

# લેપ્રોસ્કોપીક પિત્તાશયની થેલીનું ઓપરેશન

**આપના હિત માટે પ્રકાશિત**

**હરિભક્તિ સર્જીકલ હોસ્પિટલ**

૫૦૮, સંગીતા કોમ્પ્લેક્ષ, ડૉક્ટર હાઉસ સામે, પરીમલ ક્રોસીંગ પાસે, અમદાવાદ- ૬.
ફોન: ૨૬૪૬ ૧૧૮૬, ૨૬૪૬ ૨૨૮૬